ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ** **તા. ૧૮.૦૫.૨૦૧૭**

**ગુજરાતમાં તા. ૧૮ થી ૨૫ મે દરમ્યાન ભાજપા વિસ્તારક પ્રશિક્ષણ વર્ગ યોજાશે.**

---------------------

**સમગ્ર રાજ્યના ૪૮,૦૦૦થી વધુ બુથમાં વીર સાવરકરજીની જન્મજયંતિ તા. ૨૮ મેના રોજ માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની "મન કી બાત" કાર્યક્રમ થકી શુભારંભ થશે.**

---------------------

**વિસ્તારક યોજના અંતર્ગત**
**રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ તા. ૩૧ મેના રોજ ગુજરાતમાં અને**
**પ્રદેશ પ્રભારીશ્રી ભુપેન્દ્રજી યાદવ તા. ૨૮ થી ૩૧ મે દરમ્યાન ગુજરાતના પ્રવાસે - શ્રી ભરતભાઈ પંડ્યા**

---------------------

**ભાજપાના વિસ્તારક કાર્યકર્તાઓ દરેક બુથમાં પ્રેમ, એકતા અને વિકાસનો સંદેશો ફેલાવશે. - શ્રી ભરતભાઈ પંડ્યા**

---------------------

પ્રદેશ ભાજપા પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઈ પંડયાએ જણાવ્યું હતું કે, પંડિત દીનદયાળ જન્મશતાબ્દી વર્ષ નિમિત્તે ભાજપા ગરીબ કલ્યાણ વર્ષની ઉજવણી કરી રહ્યું છે તે અંતર્ગત વિસ્તારક યોજનાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. સમગ્ર રાજ્યના ૪૮,૦૦૦ જેટલા બુથોમાં વિસ્તારક તરીકે જઈને વિસ્તારકો ભાજપાની વિચાધારા તેમજ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વવાળી રાજ્ય સરકારની વિવિધ પ્રજાલક્ષી યોજનાઓના લાભો છેવાડાના માનવી સુધી પહોંચે તેવું આયોજન કરવામાં આવેલ છે.

**શ્રી પંડયાએ જણાવ્યું હતું કે, વિસ્તારક યોજના અંતર્ગત રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ તા. ૩૧ મેના રોજ ગુજરાતના પ્રવાસે અને રાષ્ટ્રીય મહામંત્રીશ્રી અને ગુજરાતના પ્રદેશ પ્રભારીશ્રી ભુપેન્દ્રજી યાદવ તા. ૨૮મે થી તા. ૩૧ મે સુધી ગુજરાતના પ્રવાસે આવનાર છે.**

શ્રી પંડયાએ જણાવ્યું હતું કે, તા. ૨૮ મે (વીર સાવરકર જન્મજયંતિ) થી ૫ જૂન (પ.પૂ.શ્રી ગુરૂજીની પુણ્યતિથિ) સુધી ચાલનારી આ વિસ્તારક યોજનાના શુભારંભ પ્રસંગે તા. ૨૮ મેના રોજથી માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની "મન કી બાત" કાર્યક્રમને સૌ સાથે મળીને બુથમાં સાંભળશે. તા. ૨૮ મેના રોજ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણી જોડાશે.

સમગ્ર રાજ્યમાં તા. ૧૮ થી ૨૫ મે દરમ્યાન સમગ્ર ૩૩ જીલ્લા અને ૮ મહાનગરોમાં મળીને કુલ ૭૦ સ્થળોએ વિસ્તારક પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રશિક્ષણ વર્ગમાં જે તે વિસ્તારના ધારાસભ્યશ્રીઓ, સાંસદશ્રીઓ, જીલ્લા/મહાનગરના હોદ્દેદારશ્રીઓ, ચૂંટાયેલી પાંખ તેમજ વિસ્તારક તરીકે જનાર કાર્યકર્તા હાજર રહેશે. પ્રદેશ નેતૃત્વ દ્વારા બુથમાં જઈને કેવી રીતે કામ કરવું તે અંગેનું માર્ગદર્શન આ વર્ગમાંથી મેળવશે. બુથમાં વિસ્તારકોએ બુથ સમિતિ અને પેજ પ્રમુખ મજબૂત બનાવવા માટે, દરેક સમાજ અને વર્ગને મળવાનું, કેન્દ્ર અને રાજ્ય સરકારની કામગીરીને પત્રિકા સ્વરૂપે ઘર-ઘર સંપર્ક સાથે પહોંચાડવું અને ભાજપાના વિસ્તારક કાર્યકર્તાઓ દરેક બુથમાં પ્રેમ, એકતા અને વિકાસનો સંદેશો ફેલાવશે તેમ શ્રી પંડયાએ અંતમાં જણાવ્યું હતું.

**(ડૉ. હર્ષદ પટેલ)**
**કન્વીનર-મીડીયા સેલ**